આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૪ | ૪ એપ્રિલ ૨૦૧૨, બુધવાર, ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


જે માણસના હાથમાં એક કારીગરીનું કૌશલ્ય છે એની પાસે જાગીર છે

- ફ્રેંકલીન

# રાજયમાં વીસમીથી ગ્રામસભા અભિયાન આરંભાશે

## રોજની ૧૦ ગામોમાં ગ્રામસભાઓ તાલુકા કક્ષાએ થશે, ૪૦થી વધુ અધિકારીઓ આ ગ્રામસભામાં હાજરી આપવા જશે

ગાંધીનગર, તા.૩

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આગામી ૨૦મી એપ્રિલથી ૧લી મે દરમિયાન સમગ્ર રાજયમાં ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં પણ ૨૯૯ ગામોમાં આ દિવસો દરમિયાન ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવશે.

આ વખતે વિધાનસભાનું બજેટ સત્ર તેમજ માણસા વિધાનસભાની પેટા ચુંટણીને લઈ રાજય કક્ષાએથી યોજવામાં આવતી ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું ન હતું.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ અને પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કા બાદ યોજાનારી આ ગ્રામસભાઓ ઘણી મહત્વની બની રહેશે. અત્યાર સુધીમાં ૧૮ તબક્કાઓમાં ગ્રામસભાઓ સંપન્ન થઈ છે. સામાન્યતઃ આખા વર્ષ દરમિયાન ગ્રામસભાના ચાર તબક્કાઓ યોજાતા હોય છે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરાઈ રહેલ આ ગ્રામસભા અભિયાનના સંપૂર્ણ આયોજન અને મોનીટરીંગની જવાબદારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને સોંપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે બપોરે ૩ વાગે આ ગ્રામસભાઓનો દોર આરંભાશે અને સાંજે ૬ વાગે તે પૂર્ણ થશે. આ ગ્રામસભાઓમાં ખાસ કરીને લેબર બજેટ જે મંજૂર કરવામાં આવ્યું છે તે અંગેની જાણકારી આપી અને તે કામોના આયોજનને આ સભામાં આખરી કરવામાં આવશે. આ ઉપરાંત આ સભામાં સ્વરોજગારીની યોજના, કેન્દ્ર પુરસ્કૃત ઈન્દિરા આવાસ યોજના, ટોટલ સેનીટેશનના પ્રોગ્રામની સમીક્ષા કરવામાં આવશે. આ સિવાય નિર્મળ ગ્રામ યોજનાની જાણકારી પણ ગ્રામજનોને આપવામાં આવનાર છે.

આ ગ્રામસભામાં ગામના વિકાસની બાબતોને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવનાર છે. જિલ્લામાં પંચાયતોની ચૂંટણી પછી પ્રથમ વાર આ ગ્રામસભા અભિયાન યોજાઈ રહ્યું હોવાથી તેનું મહત્વ વિશેષ જોવામાં આવી રહ્યું છે.

આ ગ્રામસભા અભિયાન માટે તાલુકા અને જિલ્લાના અધિકારીઓને પણ વિશેષ જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેઓ ગ્રામસભામાં રજુ થતા પ્રશ્નોનો જે સ્થળ પર નિકાલ આવે તેવો હોય તેનો નિકાલ કરશે જયારે અન્ય પ્રશ્નો અંગે જિલ્લા તંત્રને જાણ કરશે.

જિલ્લામાં એક તરફ ગરમીનો પ્રકોપ ચાલી રહ્યો હોવાથી ગ્રામજનોની હાજરીના મુદ્દે તંત્ર ચિંતાગ્રસ્ત જરૂર છે. જો કે આ ગ્રામસભા અભિયાન માટે તાલુકા રિસોર્સ ગ્રુપના સભ્યોને પણ ગામોની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ પણ આ અભિયાનમાં જાય તેવા પ્રયાસો તંત્ર એ હાથ ધર્યા છે.આ ગ્રામસભા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા યોજાઈ રહ્યું હોવાથી તેમાં ગ્રામ વિકાસની બાબતો ને જ અગ્રતા આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં ૨૧ ગ્રામ પંચાયતો સમરસ : હવે ૬૯માં ચૂંટણી

## સૌથી વધુ કલોલમાં ૧૪, માણસામાં પાંચ અને દહેગામમાં બે પંચાયતો સમરસ થઈ : એક હજાર જેટલા ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની ૯૦ ગ્રામ પંચાયતોની આગામી ૧૫મી એપ્રિલે યોજાનાર ચૂંટણીમાં ૨૧ ગ્રામ પંચાયત સમરસ થતાં હવે ૬૯ ગામોમાં ચૂંટણીનો જંગ જામશે. એક હજારથી પણ વધુ ઉમેદવારો વચ્ચે આ જંગ ખેલાશે.

ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના આજે અંતિમ દિવસે સ્પષ્ટ થયેલ ચિત્ર મુજબ કલોલ તાલુકાની ૧૪ ગ્રામપંચાયતો, માણસા તાલુકાની પાંચ તથા દહેગામની બે ગ્રામપંચાયતો સમરસ થવા પામી છે.

જિલ્લામાં ડિસેમ્બર-૨૦૧૧માં યોજાયેલ પંચાયતની ચૂંટણીઓ દરમ્યાન ૩૪ ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી અને આ બીજા તબક્કામાં ૨૧ ગ્રામ પંચાયતો સમરસ થવા પામી છે. આમ જિલ્લામાં બન્ને તબક્કામાં થઈ ૫૫ ગ્રામ પંચાયતો સમરસ થવા પામી છે.

ગ્રામ પંચાયતો સમરસ થાય તો તેમને આપવામાં આવતા પુરસ્કારની રકમમાં વધારો કરવાની સરકારની જાહેરાત ધારી અસર ઉભી કરવામાં નિષ્ફળ રહી હોવાનું પંચાયતના સૂત્રો માની રહ્યા છે.

પ્રથમ તબક્કામાં સમરસ થયેલ પંચાયતોને પુરસ્કાર આપવાના કાર્યક્રમોનું આયોજન ચાર ઝોન બનાવી કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ઝોનનો કાર્યક્રમ આગામી ૭મી એપ્રિલના રોજ કડી ખાતે મુખ્યમંત્રી શ્રી મોદીની હાજરીમાં યોજાનાર છે.

આજે બીજા તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે જે ગ્રામ પંચાયતો સમરસ થઈ છે તેમાં કલોલ તાલુકાની ઉનાલી, મુલસણ, વાંસજડા(જે) ઈસંડ, પલસાણા, ઉસ્માનાબાદ, શનાવાડ, શોભાસણ,

● અનુસંધાન પાન-૭ પર



ગ્રીષ્મની ગરમીમાં જેમ ફળોના રાજા કેરીનું મહત્ત્વ છે તેમ તડબૂચનું પણ મહત્ત્વ છે. પોતાના અસ્તિત્વમાં મહત્તમ પ્રવાહી ધરાવતા અને પ્રકૃતિએ ઠંડાં એવાં આ તડબૂચ વર્ષોથી શૉખીનોનાં મનનું આકર્ષણ રહ્યાં છે. આમ તો આપણે ત્યાં થતાં દેશી તડબૂચ - જે દેખાવમાં ઘેરા લીલા રંગનાં હોય છે - તે પહેલાં ખવાતાં હતાં, પરંતુ છેલ્લાં દસેક વર્ષોથી બેંગ્લોરી તડબૂચ તરીકે ઓળખાતાં આવાં લીલાં અને લંબગોળ તડબૂચ ચલણમાં આવ્યાં છે. દેશી તડબૂચ કરતાં આવાં તડબૂચની કિંમત વધારે હોય છે, પરંતુ તેમ છતાં તેમાં દેશી તડબૂચ કરતાં વધુ મીઠાશ મળતી હોવાથી શોખીનો વધુ પૈસા ખર્ચીને પણ આ બેંગ્લોરી તડબૂચ ખાવાનું વધુ પસંદ કરે છે. અલબત્ત, બજારમાં દેશી તડબૂચ પણ વેચાય છે ખરા. **(તસવીર : દિપક જાની)**

'કોણ ઝૂલાવે લીંબડી ને કોણ ઝૂલાવે પીપળી...' સુંદર મજાના લોકગીતની યાદ તાજી કરાવતા દશ્યો છેલ્લા ઘણા સમયથી ચિલોડા-હિંમતનગર, દહેગામ રોડ પર નજરે પડી રહ્યા છે. બળબળતા ઉનાળામાં હીંચકામાં આરામથી હીંચવું કોને ન ગમે ? ખૂબ જ લોકપ્રિય બનેલા નાઈલોનની રંગબેરંગી દોરીની વણાંટવાળા ગમે ત્યાં ઝાડની ડાળીએ કે પછી ઘરના કડાએ બાંધીને આરામથી ઝૂલી શકાય તેવા ઝૂલાઓનું વેચાણ ચિલોડા, હિંમતનગર, દહેગામ રોડ પર પરપ્રાંતિય યુવા વર્ગ કરી રહ્યો છે. રોડ પરથી પસાર થતા નાના-મોટા, ગરીબ-અમીર સૌ રંગબેરંગી હીંચકાઓને જોઈને ઊભા રહે છે, ભાવતાલ કરે છે, ખરીદે છે અને પછી ઘરે જઈ પાછા તે જ ગીત 'ભાઈની બ્હેની લાડલી ને ભઈલો ઝૂલાવે...' ગુન ગુનાવે છે...

**(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**



# રાજયભરમાં સુવર્ણકારોના દેખાવો : અમદાવાદમાં લાઠીચાર્જ

## એસ જી હાઈવે પર જ્વેલર્સના વેપારીઓએ રોડ ઉપર માનવ સાંકળ રચીને ટ્રાફિક ચક્કાજામ કર્યો

ગાંધીનગર, તા. ૩

સોના ચાંદીના ઘરેણાં પર કેન્દ્ર સરકાર દ્વારા લગાવવામાં ઓલ એક્સઆઈઝ ડ્યુટીના વિરોધમાં આજે રાજ્યભરમાં સોના-ચાંદીના વેપારીઓએ વિરોધ પ્રદર્શન કર્યા હતા. અમદાવાદમાં જ્વેલર્સોને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ સોનાચાંદીના ઘરેણા પર એક્સાઈઝ ડ્યુટી લગાડવામાં આવી છે. જેના કારણે જ્વેલર્સના ધંધા પર માઠી અસરો પડવા પામી છે. અને વ્યાપાર પણ ઓછો થવા પામ્યો છે.

એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યભરના જ્વેલર્સો દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે અને એક્સાઈઝ ડ્યુટી દૂર કરવાની માંગણી કરવામાં આવી રહી છે.

આમ છતાં પણ કેન્દ્ર સરકાર દ્વારા કોઈ જ હકારાત્મક વલણ ન અપનાવવામાં આવતા આખરે ગુજરાતના જ્વેલર્સો દ્વારા આજે રાજ્યભરમાં દેખાવો કરવાનો કાર્યક્રમ આપ્યો હતો. જેના ભાગરૂપે આજે અમદાવાદના એસ.જી. હાઈવે પર જ્વેલર્સના વેપારીઓએ રોડ ઉપર માનવ સાંકળ રચીને ટ્રાફિક ચક્કાજામ કરી દીધો હતો.

માર્ગ ઉપર ટ્રાફિક જામ થઈ જતાં વેપારીઓને વિખેરવા માટે પોલીસે વિનંતી કરતા પોલીસ સાથે ઘર્ષણ થતાં ન છુટકે પોલીસે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. પોલીસે લાઠીચાર્જ કરીને વેપારીઓને વિખેરી કાઢ્યા હતા.

અમદાવાદ ઉપરાંત નવસારી, રાજકોટ, ભૂજ, જૂનાગઢ, સુરત સહીતના શહેરોમાં પણ સોના ચાંદીના વેપારીઓએ સૂત્રોચ્ચાર કરી અને દેખાવો કરી કેન્દ્ર સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.


### બેસણું



મારા **ધર્મપત્ની શ્રીમતી કમળાબેન વ્યાસનું** દુઃખદ અવસાન તા. ૨-૪-૨૦૧૨ને સોમવારે સાંજે થયેલ છે. **સદ્ગતનું બેસણું તા.૫-૪-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧** દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર.**

**લિ. બચુભાઈ મોહનલાલ વ્યાસ**

**મધુરી જે. વ્યાસ** (ફ્રૂડ્સ નિયંત્રણ બોર્ડ) — **જ્યોતિન્દ્ર બી.વ્યાસ** (પુર્ણ પાર્લર, ગાંધીનગર)
**નયના એસ.વ્યાસ** — **શરદ બી.વ્યાસ** (બિલ્ડર્સ બેન્ક ઓફ ઈન્ડીયા)
**માધવી એન. વ્યાસ** — **નિમિષ બી.વ્યાસ** (ઓમ એન્ટરપ્રાઈઝ)
**ભારતી એન.ભટ્ટ** — **નિખિલકુમાર ભટ્ટ** (ના.કાર્યપાલક ઈજનેર - વિદ્યુત)
**ભાવના યુ. ધોળકીયા** — **ઉદયકુમાર ધોળકીયા** (એડવોકેટ)

### બેસણું



મારા માતુશ્રી **ગં.સ્વ. કંકુબેન નારણદાસ પંચાલ** (જગાણા)નું તા. ૨-૪-૨૦૧૨ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરું. **સદ્ગતનું બેસણું તા. ૫-૪-૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- પ્લોટ નં. ૬૦૧, વાસ્તુ નિર્માણ સોસાયટી, ચ-૬ બસ સ્ટેન્ડ પાછળ, સેક્ટર - ૨૨, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૨૩૨૨૩૧૬૬

લિ.
**ભગવાનદાસ નારણદાસ પંચાલ** પ્રમુખ, બક્ષીપંચ મોરચો ભાજપ પ્રદેશ
**ભરત ભગવાનદાસ પંચાલ** મે. વી. બી. ટેકનો એન્ટરપ્રાઈસ
**મુકેશ ભગવાનદાસ પંચાલ** મે. કવિન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોલ્યુશન, પ્રા.લી.
**નિલેશ ભગવાનદાસ પંચાલ (U S A)**
**શિલ્પા નિતેષકુમાર પંચાલ** સી.જી. એન્ટરપ્રાઈસ

**DTH. TV રીમોટ મળશે**

**આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.**

**ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

**મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫**
**મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬**

